આજુ સ્તવન સાહિત્ય મૈત્રક વિભાગી વગેરે અતિશ ઉપયોગી વિભાગમાં વર્ણવ્યું આવ્યું છે

ક્રમની અતિશ પ્રાગ એ તે વર્તન પુર મહાર બીબીને મહાત્મી અને કેન્દ્રસ્થિતી મળે તેમની તરીકા ખૂબ મદદ બનતા ગયેલું છે.

આજુ સ્તવન સાહિત્ય ઉત્તમ-દસમે ૮૫ કરી અનેક અભ્યાસીઓને ઉપયોગી બન્યું આવ્યું છે

આવા સાહિત્યિક અનુચિત સ્મરણ આરાધનામાં ખૂબ ભાવ વધે અને તે આરાધથી કર્મનો ગુણ સ્વરૂપ પણ વખતથી હતો, કેમકે—

શાંતિચંદ્રસૂરિ વિજ્ઞપ્તિ આર્ય-આંગીર્ય વચના, વાતનાપોષક ગચ્છોના સમૂહ-સમારાધ્ય વિવેકિત ભાવ, ગામમાં અને તેના અંગરાગી વાતાવરણને સમર્પક એકતીમથી અતિશ મોટા ભાગના સ્તવન-સાહિત્યથી શ્રી સંઘમાં માનસિક રીતે બની રહેલ અનિષ્ટ વાતાવરણના બારી દુષ્પરિણામોની કલ્પનાથી મુક્તતા દેવાને માન્યતા આપવા પણ વખતથી યથાયોગ્ય ગણતી કે—

“શ્રમણ-પ્રધાન ચતુર્વિધ સંઘમાં કાળબળે આવેલી શિથિલતા-શિથિલતાના દુષ્પ્રભાવના પરિણામે બહિરાગના નામે તેમજ ઓચ્છવ-મહોત્સવોમાં શાસન-પ્રભાવનાના નામે લોક રંજનને અગ્રપદ ગતિએ-અગતિએ અપાતું જાય છે. તે ઉચિત નથી.”

પણ નિષેધાત્મક વલણની સામે સક્રિય વલણના પ્રતીક તરીકે પૂર્વાચાર્યોની પ્રાચીન સ્તવન-ચૈત્યવંદનોનાં પ્રાચીન ચાર-પાંચ પુસ્તકો દેશના વિભાગમાં પહેલી સૂચનામ ઉચિતતાના અંગે ૨૦/૨૨ વર્ષથી સંગ્રહનાં વારંવાર ઉપયોગે થઈ રહેલ.

ભક્તિરસ ઝરણાં (ભાગ ૧-૨) માં [illegible]
સ્તવન ચોવીશીઓની વિશિષ્ટ[illegible]

(પ્રથમ ભાગ)

(૧) પૂ. શ્રી આનંદઘનજી મ. કૃત [illegible]
આ ચોવિશી શાબ્દિક પર્ય, ઉચ્ચ [illegible]
સર્વોત્તમ છે

(૨) પૂ. ઉપા. શ્રી યશોવિજયજી [illegible]
જેમા અપૂર્વ ભક્તિરસ, [illegible]
વર્ણવેલ છે.

(૩) પૂ. ઉપા. શ્રી [illegible]
ચોવિશી.
જેમાં મેવા, પ્રીતિ [illegible]
ભાષામાં [illegible]
ગંભીર છે.
શ્રી ધર્મનાથ [illegible]
શ્રી શાંતિનાથ [illegible]
શ્રી [illegible]
શ્રી નેમિનાથ [illegible]
શ્રી [illegible]
શ્રી [illegible]

(૪) [illegible]

* શ્રી મુનિસુવ્રત „ „ નિગોદનુ સુંદર વર્ણન.
* શ્રી નમિનાથ „ „ આત્મ-તત્ત્વનુ શુદ્ધ સ્વરૂપ.

(૮) પૂ. ઉપાધ્યાય માનવિજયજી મ. કૃત સ્તવન ચોવિશી.

આ ચોવિશીમા વિશિષ્ટ શૈલિમાં અદ્ભુત રીતે ભક્તિરસ પૂ. ઉપાધ્યાયશ્રીએ ઢાળ્યો છે, છતાં વિશિષ્ટ સ્તવનો નીચે મુજબ છે.

* શ્રી ઋષભદેવ જિન સ્તવન—ભક્તિનું મહત્ત્વ
* શ્રી અભિનંદન „ „ આધ્યાત્મિક ઉપાલભ.
* શ્રી સુમતિનાથ „ „ શબ્દ-ચમક તથા હૈયાનેટ ભક્તિયોગ તથા પિંડસ્થ ધ્યાનવિચાર.
* શ્રી પદ્મપ્રભ „ „ પદસ્થ „ „
* શ્રીસુપાર્શ્વનાથ „ „ રૂપસ્થ „ „
* શ્રી ચંદ્રપ્રભ „ „ રૂપાતીત „ „
* શ્રી શ્રેયાંસનાથ „ „ ૮ પ્રાતિહાર્ય-વર્ણન તથા આધ્યાત્મિક-ખેતીનું વર્ણન
* શ્રી વિમલનાથ „ „ પ્રભુજીને મનમા પધરાવવાની અદ્ભુત વાત.
* શ્રી મુનિસુવ્રત „ „ પ્રભુની નિષ્કારણ-ઉપકારિતા.
* શ્રી નેમિનાથ „ „ કામ-વાસનાનો અદ્ભુત આધ્યાત્મિક વિજય
* શ્રીપાર્શ્વનાથ „ „ દેવતત્ત્વનું અદ્ભુત વર્ણન
* શ્રીમહાવીરસ્વામી , „ ક્ષપક-શ્રેણિનું અદ્ભુત વર્ણન

(૯) શ્રી જ્ઞાનવિમલ સૂરિ મ. કૃત સ્તવન ચોવિશી.

પૂ. ધ્યાનયોગી આચાર્યશ્રીએ આખી ચોવિશીમા અદ્ભુત તત્ત્વો વર્ણવ્યાં છે, જેમાં ખાસ કરી નીચેનાં સ્તવનો વિશિષ્ટ છે.

(૮) શ્રી અનંતનાથ „ „ પ્રભુની સર્વોત્તમતાનો ચિતાર.
(૯) શ્રી શાંતિનાથ „ „ ચૈત્યવંદન-ભાષ્યનાં ૧૦ ત્રિકોની સુંદર ગુંથણી.
(૧૦) શ્રી અરનાથ „ „ ૧ થી ૨૪ સંખ્યાના ધોરણે આધ્યાત્મિક-સંકેત રૂપ દોષ ગુણનું વર્ણન
(૧૧) શ્રી મહાવીર „ „ સંક્ષિપ્ત જીવન-પ્રસંગો

(૧૭) શ્રી જિનવિજયજી મ. કૃત બીજી સ્તવન ચોવિશી.

પૂજ્યશ્રીએ ભક્તિયોગને રસતરબોળ બનાવનાર કેટલાક શાસ્ત્રીય તત્ત્વોને બાળબોધ્ય રીતે રજુ કરનારી શૈલિમાં બનાવેલ આ ચોવિશીના કેટલાક વિશિષ્ટ સ્તવનો.

o **શ્રી સંભવનાથ પ્રભુ સ્તવન**—સંસારની રખડપટ્ટીનું વર્ણન
- **શ્રી અભિનંદન જિન સ્તવન** લંછનનું આધ્યાત્મિક રહસ્ય.
- **શ્રી સુમતિનાથ** „ „ પાંચની સંખ્યાએ પ્રભુનું વિશિષ્ટ મહત્ત્વ.
- **શ્રી પદ્મપ્રભ** „ „ અંતરંગ-શત્રુઓના ભાવ-યુદ્ધનું આધ્યાત્મિક વર્ણન
- **શ્રી સુપાર્શ્વનાથ** „ „ આધ્યાત્મિક-જિનાલયનું ભવ્ય-રૂપક.
- **શ્રી વાસુપૂજ્ય** „ „ મન-મંદિરની પધરામણીનું સુંદર સ્વરૂપ.
- **શ્રી અનંતનાથ** „ „ આઠ પ્રાતિહાર્યનું વર્ણન તથ જિનવાણીનું સુંદર રૂપકાત્મ વર્ણન.

(૮) શ્રી અનંતનાથ „ „ પ્રભુની સર્વોત્તમતાનો વિચાર.

(૯) શ્રી શાંતિનાથ „ „ ચૈત્યવંદન-ભાષ્યનાં ૧૦ ત્રિકોની સુંદર ગુંથણી

(૧૦) શ્રી અરનાથ „ „ ૧ થી ૨૪ સંખ્યાના ધોરણે આધ્યાત્મિક-સંકેત રૂપ દોષ ગુણનું વર્ણન

(૧૧) શ્રી મહાવીર „ „ સંક્ષિપ્ત જીવન-પ્રસંગો

(૧૭) શ્રી જિનવિજયજી મ. કૃત બીજી સ્તવન ચોવિશી.

પૂજ્યશ્રીએ ભક્તિયોગને રમતરમાળ બનાવનાર કેટલાક શાસ્ત્રીય તત્ત્વોને બાળભાગ્ય રીતે રજુ કરનારી શૈલિમાં બનાવેલ આ ચોવિશીના કેટલાક વિશિષ્ટ સ્તવનો

૦ **શ્રી સંભવનાથ પ્રભુ સ્તવન**—સંસારની રખડપટ્ટીનું વર્ણન

- **શ્રી અભિનંદન જિન સ્તવન** લ ગ્નનુ આધ્યાત્મિક રહસ્ય.

· **શ્રી સુમતિનાથ** „ „ પાંચની સંખ્યાએ પ્રભુનું વિશિષ્ટ મહત્ત્વ.

· **શ્રી પદ્મપ્રભ** „ „ અ તર ગ-શત્રુઓના ભાવ-યુદ્ધનું આધ્યાત્મિક વર્ણન

* **શ્રી સુપાર્શ્વનાથ** „ „ આધ્યાત્મિક-જિનાલયનુ ભવ્ય-રૂપક.

* **શ્રી વાસુપૂજ્ય** „ „ મન-મંદિરની પધરામણીનું સુંદર સ્વરૂપ.

* **શ્રી અનંતનાથ** „ „ આઠ પ્રાતિહાર્યનુ વર્ણન તથા જિનવાણીનું સુંદર રૂપકાત્મક વર્ણન.

(૧૯) શ્રી મોહનવિજયજી મ. કૃત સ્તવન ચોવિશી

વર્તમાનકાળની બધી ચોવિશીમાં પ્રભુ [illegible] સાથે ભક્તિયોગના ગાનમાં એકાકાર [illegible] કરવા રૂપે વિવિધ લટકા અને મીઠા [illegible] સૂચવનારા શબ્દો વાક્યોથી શોભતી [illegible] ખૂબજ સર્વોત્કૃષ્ટ છે.

આ ઉપરથી આના કર્તા શ્રીમોહન [illegible] "લટકાળા" એ ઉપનામથી પ્રસિદ્ધ [illegible] આખી ચોવિશી ખૂબજ અર્થગંભીર [illegible]

(૨૦) શ્રી રામવિજયજી મ. કૃત સ્તવન ચોવિશી

પૂ. ઉપા. શ્રી વિમલવિજયજી [illegible] રામવિજયજીમ. બનાવેલ [illegible] તત્ત્વજ્ઞાન સાથે ભક્તિરસમાં [illegible] વિશિષ્ટ સ્તવનો—

* શ્રી સુપાર્શ્વનાથ પ્રભુ [illegible]
* શ્રી વિમલનાથ " " [illegible]
* શ્રી કુંથુનાથ " [illegible]
* શ્રી અરનાથ " " [illegible]

(૨૧) શ્રી રામવિજયજી [illegible]

પૂ. શ્રી સુમતિવિજયજી [illegible] મ. ની બનાવેલી [illegible] ભરપૂર આ ચોવિ [illegible]

i) ાય ત્રણ ાજ ૭) ની

* શ્રી નમિનાથ „ „ વર્તમાન આત્મદશાનું વર્ણન.

(૨૩) શ્રી ન્યાયસાગરજી મ. કૃત સ્તવન ચોવિશી.

પૂ. ન્યાયસાગરજી મ. શ્રીએ શબ્દ-રચનાની દૃષ્ટિએ અટપટા શબ્દોવાળી રચનારૂપે બનાવેલ આ ચોવિશી ખૂબજ આવકાર છે.

આનાં વિશિષ્ટ સ્તવનો-

* શ્રી સંભવનાથ જિન સ્તવન મનમંદિરમાં ભાવપૂજાનું દ- અદ્ભુત સ્વરૂપ.
* શ્રી સુવિધિનાથ „ „ શ્રી તીર્થંકર પરમાત્માનું નય- સાપેક્ષરૂપે સર્વદેવમયપણું
* શ્રી વિમલનાથ „ „ ભાવ પૂજાનું સંક્ષિપ્ત સ્વરૂપ
* શ્રી ધર્મનાથ „ „ ધર્મ શબ્દના ચાર નિક્ષેપાનું વર્ણન

લાંછન રહસ્ય ગર્ભિત

(૨૪) શ્રી ન્યાયસાગરજી મ. કૃત સ્તવન ચોવિશી (બીજી)

વર્તમાન કાળે ઉપલબ્ધ સઘળી ચોવિશી ઓમાં આ ચોવિશી પ્રભુજીના લાંછનોના આધ્યાત્મિક રહસ્યને સમજાવનાર તરીકે ખૂબજ મહત્વની છે.

એ અપેક્ષાએ આ ચોવિશી ખૂબ અગત્યની છે.

(૨૫) શ્રી પદ્મવિજયજી મ. કૃત સ્તવન ચોવિશી (પહેલી)

આ ચોવિશીની અપૂર્વ વિશિષ્ટતા એ છે-પ્રભુજીના પાંચ કલ્યાણકોની તિથિઓ, શરીરનો વર્ણ, અને આયુ આ ત્રણ બાબતો માત્ર પાંચ ગાથાના દરેક સ્તવનમાં સંક્ષેપમાંજ સરળ ગુંથી છે.

(૨૬) શ્રી પદ્મવિજયજી મ. કૃત સ્તવન ચોવિશી (બીજી)

આ ચોવિશી આધ્યાત્મિક શૈલિએ ગૂઢ ભાવભર્યા શબ્દોની

ફૂલ :

ઉમટેલા ભક્તિયોગના સુ-મધુર શબ્દોની ઝમકવાળી માત્ર પાંચ ગાથાના સ્તવનોની વિવિધ દેશી રાગોમાં બનેલી છે.

એકંદરે બાળ-જીવોપયોગી નાની ચોવિશી છે.

(૩૦) શ્રી વિનીતવિજયજી મ. કૃત સ્તવન-ચોવિશી

બાળભોગ્ય પદાર્થો સાથે યોગ-શાસ્ત્રીય પદાર્થોની ભવ્ય રજુઆતવાળી આ ચોવિશી પ્રાય. પાંચ ગાથાના સ્તવનોની એકંદર મધ્યમ બુદ્ધિના ભાવિક જીવોના ભાવોલ્લાસને વધારનારી છે.

(૩૧) શ્રી અમૃતવિજયજી મ. કૃત સ્તવન-ચોવિશી

અત્યંત ગંભીર ભાવોને સ્પર્શવા સાથે ભક્તિયોગના મિશ્રણને વધુ વ્યવસ્થિત રીતે વિકસાવનાર વિશિષ્ટ ભક્તિપ્રધાન શબ્દગૂંથણીવાળી આ ચોવિશી પ્રાચીન-મારવાડી-દેશી ભાષાના શબ્દોવાળી ક્યાંક આગમિક-પદાર્થોના ઝમકારાવાળી ખૂબ જ સરળ ભાષામાં શ્રી વીતરાગ પરમાત્માના સ્વરૂપનુ નિદર્શન કરાવે છે.

એકંદર મધ્યમબુદ્ધિવાળા જીવોને હિતકર આ ચોવિશી છે

(૩૨) શ્રી પ્રમોદસાગરજી મ. કૃત સ્તવન ચોવિશી

આ ચોવિશીમાં શ્રી તીર્થંકર પરમાત્માના વિશિષ્ટ અદ્ભુત જીવનચરિત્રની જાણકારી બાળજીવોને થાય તે આશયથી નીચે મુજબના વિશિષ્ટ તેર બોલોની ફૂલ-ગુંથણી ભવ્ય રીતે કરવામાં આવી છે.

૧ નામ
૨ લંછન
૩ જન્મનગરી
૪ માતા
૫ પિતા
૬ આયુ
૭ ઉંચાઈ
૮ શરીરવર્ણ
૯ ગણધર સંખ્યા
૧૦ સાધુ સંખ્યા
૧૧ સાધ્વી સંખ્યા
૧૨ યક્ષ

આ ચોવિશીમાં માત્ર પાંચ કે ૭ ગાથાની મર્યાદામાં રહી વિવિધ શાસ્ત્રીય-તત્ત્વોની સમજુતી સાથે અપૂર્વ રીતે ભક્તિયોગને પોષણ આપ્યું છે.

આ ચોવીશીનાં વિશિષ્ટ સ્તવનો

* શ્રી સંભવનાથ પ્રભુ સ્તવન	પ્રભુજીના અંગોપાંગોની સુંદરતાનુ વર્ણન.
* સુવિધિનાથ " "	પ્રભુજી પર પ્રીતિ કેવી ? તેની નરમ સમજુતી. પૂ. ઉપા. શ્રી યશો વિ. મ. ના "અજિતજિણંદશું પ્રીતડી" સ્તવનનુ સંભારણું થાય તેવુ આ સ્તવન છે
* શ્રી કુંથુનાથ જિન સ્તવન	પ્રભુજીને આંતરિક ભક્તિભાવ ભર્યા મીઠા ઉપાલંભ. આ સ્તવનથી પૂ. ઉપા. શ્રી યશોવિજયજી મ. ના "ચંદ્રપ્રભજિનેશ્વર સાહિબારે" સ્તવનને યાદ કરાવે તેવું આ સ્તવન છે.
* શ્રી મલ્લિનાથ " "	ભવ-ભ્રમણનો ટૂંક ચિતાર રજુ કર્યો છે.
* શ્રી મહાવીર " "	પ્રભુ મહાવીર-પરમાત્મા પ્રતિ અદ્‌ભુત ભક્તિભાવ તેઓશ્રીના નિર્વાણ-કલ્યાણક ... આ સ્તવનમાં ર

* ૩ શ્રી સાગર પ્રભુ સ્તવન ,, દ્રવ્ય-પર્યાયની સૂક્ષ્મતમ વાતો-નો વિચાર.
* ૪ શ્રી મહાયશ ,, ,, આધ્યાત્મિક-ફાગ-હોરીનું વર્ણન.
* ૫ શ્રી વિમલનાથ , ,, દ્રવ્યશક્તિ અને પર્યાય સંબંધી ખૂબ અદ્‌ભુત વિવેચના
* ૬ શ્રીસર્વાનુભૂતિ ,, ,, સંસારના પરિભ્રમણનો કાયા-સ્થિતિના માધ્યમથી વિચાર.
* ૮ શ્રી દત્તપ્રભુ ,, , પ્રભુ-ગુણ-ગાનના પ્રતાપે આંતરિક ગુણોના થતા વિકાસનું આધ્યાત્મિક ફાગરૂપે વર્ણન.
* ૧૦ શ્રી સુતેજા પ્રભુ ,, ,, ઉત્પાદ-વ્યય અને ધ્રુવતાનું સુંદર વર્ણન.
* ૧૪ શ્રી શિવગતિ ,, ,, પ્રભુની સેવાનો નય સાપેક્ષ વિચાર.
* ૧૯ શ્રી કૃતાર્થ ,, ,, અદ્‌ભુત ભક્તિયોગનું વર્ણન.

(૩૮) શ્રી જીવણ વિજયજીમ. કૃત સ્તવન-ચોવિશી.

વિવિધ ભાવ-ભર્યા શબ્દોમાં બાળજીવોના ભક્તિરસને પોષક ઉદાત્ત-શૈલિથી કર્તાએ આ ચોવિશીમાં પાંચ કે સાત ગાથાના ટૂંકા પ્રમાણનાં સ્તવનો દ્વારા શ્રી વીતરાગ-પરમાત્માના અપૂર્વ ભક્તિયોગનું ભાવોલ્લાસપૂર્વક વર્ણન કર્યું છે.

એકંદર આ ચોવિશી ખૂબ જ ભાવવાહી છે.

(૩૯) શ્રી દાનવિજયજી મ. કૃત સ્તવન-ચોવિશી.

આ ચોવિશીની રચના લોક-પ્રચલિત ચાલુ પ્રસિદ્ધ દેશીઓમાં પાંચ ગાથાની મર્યાદામાં રહી વિવિધ ભાવ-ભંગી-ભર્યા શબ્દોવાળા સ્તવનોવાળી છે

એકંદર આ ચોવિશી સામાન્ય ભણેલાને પણ બોલવામાં સુગમ પડે તેવી દેશીઓવાળી વિલક્ષણ સુંદર છે.

* શ્રી મહાવીર „ „ —શ્રી ગૌતમસ્વામીના વિલાપ–વિરહગીતનુ વર્ણન

૪૩ શ્રી રૂચિરવિમલજીમ. કૃત સ્તવન-ચોવિશી

પાંચ ગાથાની આ લઘુ-ચોવિશીમાં પ્રભુભક્તિનું પોષણ સરળ–સુંદર શબ્દોમાં કરવા સાથે કર્તાએ પ્રાસાદિકતા અને ગંભીરતા ગુણને વણી લેવા આદર્શ પ્રયાસ કર્યો છે.

૪૪ શ્રી મહિમાપભસૂરિમ. કૃત સ્તવન-ચોવિશી.

પૂર્ણિમા ગચ્છીય આચાર્યશ્રીએ માત્ર પાચ ગાથાના પ્રમાણવાળા સ્તવનોની આ ચોવિશીમાં જિનભક્તિના અદ્ભુત તત્ત્વને આશ્ચર્યશૈલિમા વર્ણવ્યું છે.

જેના વિશિષ્ટ સ્તવનો

* શ્રી અજિતનાથ પ્રભુ સ્તવન—પ્રભુ સાથે થયેલી પ્રીતિની અદ્ભુતતાનું વર્ણન.
* શ્રી સંભવનાથ „ „ —પ્રભુ સાથે થયેલ અંતર-પ્રીતિનુ વર્ણન.
* સુપાર્શ્વનાથ „ „ —પ્રભુજીના ચાર નિક્ષેપાનું વર્ણન.
* શ્રી સુવિધિનાથ „ „ —અનુભવ રસની મહત્તા
* શ્રી શ્રેયાંસનાથ „ „ —અંતરંગ-મનમંદિરમાં પ્રભુ પૂજાનું રૂપક
* શ્રી વાસુપૂજ્યસ્વામી સ્તવન—ભવસમુદ્રનું વર્ણન
* શ્રી વિમલનાથ જિન સ્તવન—વાસના-તત્ત્વના નિગ્રહની મુખ્યતા.

રણકારવાળા શબ્દોની ખૂબ છૂટ રાખી ભાવિક-ભવ્યાત્માને પ્રભુભક્તિના માધ્યમથી અંતરમાં ડોકીયું કરવાની ઘણી તક આપી છે.

એકંદરે આ ચોવિશી ખૂબજ શબ્દસમૃદ્ધ અને અર્થ-ગંભીર હોઇ ખાસ મનનીય છે.

૪૭ શ્રી માણેકમુનિ કૃત સ્તવન ચોવીશી.

આ ચોવિશી બાળજીવોપયોગી સરળ શૈલિમા માત્ર પાચ ગાથાના પ્રમાણવાળા સ્તવનો રૂપે વિશદ રીતે અ તરંગ ભક્તિભાવને વ્યક્ત કરતારી હોઈ ખૂબ જ ભાવવાહી છે.

૪૮ શ્રી દીપવિજયજીમ. કૃત સ્તવન ચોવીશી.

માત્ર પાંચ ગાથાવાળાં સ્તવનોની આ ચોવિશીમા કર્તાએ ભક્તિ-ગુણગાન સાથે શ્રી તીર્થંકર પરમાત્માના નીચે મુજબના ૧૦ બોલોને પણ ગુંથવા આદર્શ પ્રયત્ન કર્યો છે.

* પૂર્વભવનામ	* જન્મ રાશિ
* પૂર્વભવ દેવલોકનામ	* જન્મ ગણ.
* નામ	* છદ્મસ્થ કાલમાન.
* જન્મનગરી	* કેવલજ્ઞાન વૃક્ષ.
* જન્મનક્ષત્ર	* નિર્વાણ પરિવાર.

૪૯ શ્રી ધર્મકીર્ત્તિગણી કૃત સ્તવન-ચોવિશી.

અત્યંત જુની દેશીભાષામાં સળંગ ૯૨ ગાથામાં બનાવાએલ આ ચોવિશી ભાષાદૃષ્ટિએ અદ્ભુત છે

આ ચોવિશીમાં શ્રી તીર્થંકર પરમાત્માના ગુણેની સ્તવના સાથે નીચે મુજબના ૨૪ બોલો પણ ગુંથ્યા છે.

૫૬ પૂ. ઉપા. શ્રી યશોવિજયજીમ. કૃત સ્તવન-ચોવીશી

તાત્વિક પ્રકાંડવિદ્વાન પૂ ઉપાધ્યાયજીએ સરળ બાળભોગ્ય-શૈલિમાં વહેવડાવેલ ગૂર્જરભાષાના ધોધબદ્ધ પ્રવાહમાંથી જડી આવેલ આ ચોથી ચોવિશી કાળબળે ૧૨, ૧૩, ૧૪, ૨૧ મા પ્રભુના સ્તવન વિનાની ભાવ, અર્થગાંભીર્ય, ઉદાત્ત. રચના, વિશિષ્ટ અર્થો આદિથી મહત્ત્વની હોઈ અહીં રજુ કરી છે.

જેનાં વિશિષ્ટ સ્તવનો

* શ્રી ઋષભદેવ પ્રભુ સ્તવન—અદ્‌ભુત લોકોત્તર-ભાવભરી પ્રાર્થના.
* શ્રી સંભવનાથ „ „ —પ્રભુદર્શનનો મહિમા અને ભવ્ય ઉલ્લાસ.
* શ્રી અભિનંદન „ „ —પ્રભુજીના કરૂણાજીનેત્રોની ભવ્ય અદ્‌ભુત ઘટના.
* શ્રી પદ્મપ્રભ „ „ —પ્રભુજીના ધ્યાનનો અદ્‌ભુત પ્રભાવ.
* શ્રી સુપાર્શ્વનાથ „ „ —પ્રભુ સાથે પ્રીતિનું અદ્‌ભુત સ્વરૂપ.
* શ્રી સુવિધિનાથ „ „ —પ્રભુ સાથે અંતરંગ પ્રેમનું નિદર્શન.
* શ્રી શીતલનાથ „ „ —શીતળતાનું અદ્‌ભુત વર્ણન.
* શ્રી શાંતિનાથ „ „ —પ્રભુના ધ્યાનની મગ્નતાનું સુંદર વર્ણન
* શ્રી મુનિસુવ્રત પ્રભુ „ —આત્મતત્ત્વના સ્વરૂપનું અદ્‌ભુત વર્ણન.
* શ્રી પાર્શ્વનાથ „ „ —સેવાભક્તિના આદર્શપ્રકારનું વર્ણન.

શ્રી વર્દ્ધમાન-સ્વામિને નમઃ

ચોવિશીઓના રચયિતા મહાપુરૂષોનો

ટૂંક – પરિચય

(ઐતિહાસિક)

(૧) શ્રી આનંદઘનજી મ.

વર્તમાન સ્તવન–ચોવિશી–સાહિત્યમાં આગમિક–તત્ત્વો સાથે સુમેળ ધરાવી, આધ્યાત્મિક–પરિભાષાના વણાટમાં પ્રભુભક્તિના ઉદાત્ત તત્ત્વની રજૂઆત કરનારા વિરલ મહાપુરૂષોમાં સૌથી અગ્રસ્થાન ભોગવનાર આ મહાપુરૂષ છે.

તેઓશ્રીની અંતરાત્મદશાની મસ્તી, ગહન–શાસ્ત્ર–જ્ઞાનની ગરિમા તથા અપૂર્વ યોગ–તત્ત્વોની અનુભૂતિ તેમના સ્તવનો–પદો સજઝાયોમાં ઝળકતી જોવા મળે છે.

આવા વિશિષ્ટ–મહાપુરૂષના જીવનનો પરિચય કાળબળે વિશિષ્ટ પ્રામાણિક–સાધનોના અભાવે વ્યવસ્થિત મળતો નથી.

એ એક અપેક્ષાએ કમનસીબી છતાં બીજી અપેક્ષાએ વિચારતાં વર્તમાનકાળે કાળબળની વિકૃતિરૂપ લોકૈષણા, નામૈષણા અને અહં-ભાવના ગળાડૂબ–વ્યવહારોથી શ્રમણ–સંસ્થાને ઝાંખપ લગાડનાર કેટલીક વ્યક્તિઓની સીમાતીત વિકૃત–મનોદશાની નિકૃષ્ટતા સૂચવનારી એક નવી બાબત સાક્ષબતીરૂપે તરી આવે છે કે–

આજે સામાન્ય તુચ્છ કામ કે ચીજમાં અને સાવદ્યપ્રધાન ફોટા-ઓની પેલઢા વિગેરેમાં પડાપડી કરનારા કેટલાક મહાનુભાવોને ચેતવણીના સૂર રૂપે આવા વિશિષ્ટ ઉદાત્ત–પ્રકૃતિના મહાપુરૂષોએ પોતાના વિશાળ ભગીરથ કાર્યમાં કયારેય પણ પોતાનો પરિચય છતો થવા દીધો નથી!,

ત્યાં જૈન ધર્મમાંજ પ્રતિમા-પ્રતિપક્ષ સંપ્રદાય ઉભો થયો. ધ્યાનનું કાર્ય, સ્વરૂપનું કારણ એવી જિનપ્રતિમા પ્રતિ લાખો દૃષ્ટિ-વિમુખ થયા. શ્રી વીતરાગનાં શાસ્ત્રો કલ્પિત-અર્થથી વિરાધાયાં કેટલાક તો સમૂળગાં ખંડાયાં.

આમ આ છસો વર્ષના અંતરાલમાં વીતરાગ-માર્ગરક્ષક બીજા હેમચંદ્રાચાર્યની જરૂર હતી.

અન્ય ઘણા આચાર્યો થયા, પણ તે શ્રી હેમચંદ્રાચાર્ય જેવા પ્રભાવશાલી નહીં. એટલે વિષમતા સામે ઝઝૂમી ન શકાયું. વિષમતા વધતી ચાલી. ત્યાં શ્રી આનંદઘનજી ખુસો વર્ષ પૂર્વે થયા.

પૂ. શ્રી આનંદઘનજીને સિદ્ધાંત-બોધ તીવ્ર હતો. તેઓ શ્વેતાંબર-સંપ્રદાયમા હતા. "ભાષ્ય-ચૂર્ણિ નિર્યુક્તિ-વૃત્તિ પરંપરા અનુભવ રે" ઈત્યાદિ પંચાગીનું નામ તેમના શ્રી નમિનાથજીના સ્તવનમાં ન આવ્યું હોત તો ખબર ન પડત કે તેઓ શ્વેતાંબર-સંપ્રદાયના હતા કે દિગંબર-સંપ્રદાયના! તેમણે મિશ્ર હિન્દી-ગુજરાતીમાં ચોવીશ જિનો પર ૨૪ સ્તવનો રચ્યાં. કે જેમાં ઊંડી માર્મિક શાસ્ત્રદૃષ્ટિ અને અનુભવયોગ ભરેલ છે. તેવી ઉત્તમ કક્ષાની ચોવિશી હજુ સુધી કોઈએ રચી નથી.

આ ચોવિશીના પ્રથમ ૨૨ સ્તવનો ઉપર શ્રી યશોવિજયજી મ. ઉપરાંત પૂ. આ. શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજીએ બાળાવબોધ રચ્યો છે. તેમા છેવટે આચાર્યશ્રીએ નોંધ્યું છે કે-

"લાભાનંદજી કૃત સ્તવન એટલા ૨૨ દિસઈ છઈ, યદ્યપિ (બીજા બે) હસ્યે તોહી આપણા હાથિં નથી આવ્યા"

ત્યાર પછીના ૧૯મા શતકમાં અધ્યાત્મમસ્ત યોગીરાજ શ્રી જ્ઞાનસારજીએ પણ ૨૨ સ્તવનો પર બાળાવબોધ રચ્યો છે.

આ રીતે **શ્રી પદ્મપ્રભ** ભગવાનના સ્તવનના અર્થ–વિવેચનના અંતે પણ મસ્તયોગી **શ્રી જ્ઞાનસારજીએ** ફરી પોતાની લઘુતા વ્યક્ત કરતાં જણાવેલ છે કે–

કર્તા આશય અતિ કઠિન, કિમહી તે ન લખાય ।
પિણ જેહવી મુઝ ધારણા, અરથ તેહવો થાય ॥ ૧ ॥

ઈક ગતિ મતિ આ દરસની, જેહવી મતિ મુખ હોય ।
તે હતી મતિ આદરસમૈ, આનન અરથ ઉજોય ॥ ૨ ॥

કિહ મારી મતિ ? કિહ અરથ ? અંતર દિન–નિસ હોય ।
આશય દિન તે અતિ ઉજલ, મતિ અમાવાસ મોહિ ॥ ૩ ॥

બાલક બાંહ પસાર જિમ, કહિ હૈ નભ વિસતાર ।
જ્ઞાનસાગર તિમહિ લિખ્યૌ, અરથ વિચાર વિચાર ॥ ૪ ॥

પિણ આતમ અનુભૌ વિના, આનંદઘન પદ અર્થ ॥
કરવૌ તે ગનિ આખને, જેહરા અંજન વ્યર્થ ॥ ૫ ॥

પર રચુ કરું ? કર્યાં વિના રહ્યુ ન ગયું. પદોની સુલલિતતા, અર્થ આશય ગૂઢ, અન્ય પદોનો એહવો ન દીઠો તેથી અર્થ કર્યું."

આ ઉપરાંત **શ્રી સુમતિનાથ પ્રભુના** સ્તવનના અંતે તો પૂજ્ય **શ્રી જ્ઞાનસારજી** એ મહત્ત્વની નોંધ લીધી છે કે–

"**જ્ઞાનવિમલ સૂરિ** મહા પંડિત હુતા, તેઉયે ઉપયોગ તીક્ષ્ણ પ્રયુંજયો હુતો તો તેઉ તો સમર્થ અર્થ (કરી) સકતા તેઉએ તો અર્થ કરતે વિચારણા અત્યંત ન્યૂનજ કરી ને મેં જ્ઞાનસાર મારી બુદ્ધિ અનુમારે સંવત્ ૧૮૨૯થી વિચારતે વિચારતે સંવત્ ૧૮૬૬ શ્રી કૃષ્ણગઢ મધ્યે ટબો લિખ્યો, પરં મેં ઈતરા વરસાં વિચાર વિચાર લિખનો તો સંપૂર્ણ અર્થ થાનો, પરં જ્ઞાનવિમલ-સૂરિજીએ તે અસમઝ વ્યાપારી જયું મોટો વેંચ્યો કે નફાતોટો

મનિ આનંદઘનૈ કરી. તવના જિન બાવીશ ।
દોય તવન કર મૈં કર્યાં, સંપૂરણ ચોવીશ ॥૧૦॥

આનંદઘન કૃત તવનમાં, મુઝ તવનૈં અતિ ષીમ ।
અંતર રયણી-દિવસની, ઉજ્જવલ જ્યુ નહિ પ્રીમ ॥૧૧॥

એ વિન આનંદઘન તણા, અરથ રહિસ પદ દીઠ ।
તમ પ્રાશાર એહવા ધર્યા, મીઠ મીઠ જ્યુ મીઠ ॥૨૨॥

મુનિશ્રી આનંદઘન કૃત ચોવિશી સંપૂર્ણ કૃતિરિયં જ્ઞાનસારસ્ય શ્રી કૃષ્ણગઢમધ્યે" એક ગુટકો જ્ઞાનસારજીનો પોતાનો હસ્તલિખિત લાગે છે. મકનજી ઘિ. વ્યકરણ બીકા.

૨. પૂ. ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મ૦

પૂ. શ્રી ઉપાધ્યાય ભગવંતના સ્થૂલ-જીવનના પરિચયની કડીઓ વેરવિખેર પણ મળી આવે છે. તે આધારે એમ જણાય છે કે-

"તેઓશ્રીનો જન્મ પ્રાય : વિ સં. ૧૬૮૧ લગભગ અજ્ઞાત-તિથિએ ગુજરાતની રાજધાની રૂપ પ્રખ્યાત પાટણ શહેરની નજીકના કનોડું (કનોડુ) ગામના શ્રી નારાયણ-વ્યવહારી ને ત્યાં ધર્મપ્રેમી સુશીલા શ્રી સૌભાગ્ય દેવીની કુક્ષિથી થયેલ. તેમનું નામ જશવંત હતું. તેમને પદ્મસિંહ નામનો બીજો ભાઇ પણ હતો. એવી નોંધ મળે છે.

વિ.સં. ૧૬૮૬ લગભગ પં. શ્રી નયવિજયજી મ. કુણઘેર ચોમાસું કરી કનોડુ પધારેલા, તે વખતે પૂ. ગુરૂદેવશ્રીના ધર્મો-પદેશથી માતા-પુત્ર ખરેખર રંગાયા. જશવંતકુમારની વૃત્તિઓ ધર્મના પંથે ઝડપથી વળી, અને ઉત્તરોત્તર પ્રગતિશીલ બનતા ગાં"

પરિણામે, અણુહિલપુર-પાટણમાં પ્રાય : વિ. સં. ૧૬ લગભગ અજ્ઞાત-તિથિએ દીક્ષિત બન્યા અને પૂ. પં. શ્રી નયવિજય

ધનના અર્થી હોય" ની જેમ નાણાંની છૂટ હોય તો બધું થઈ શકે!" આદિ

ધનજીશેઠે ઉમંગ પૂર્વક કહ્યું કે, "સાહેબજી! આવા શાસનના કામમાં અમારી લક્ષ્મીનો ઉપયોગ ન થાય તો શા કામની! અમોને આવો લાભ ક્યાંથી? આપ જરા પણ મૂંઝાશો નહીં! ૨૦૦૦ દીનાર (સોનામહોર) હું આપીશ! તેથી વધુ પણ જરૂર હશે તો આ સેવક લાભ લેવા તૈયાર છે.

અવસરે અવસરે પંડિતજીને ખુશ કરવા વિવિધ પ્રકાર અમલમાં મુંકાશે જ!

પણ આપ આ **શ્રી યશોવિજયજી મ.** ને જરૂર કાશી ભણવા મોકલો."

પૂ. ગુરૂદેવે પણ શુભ મુહૂર્તે **પૂ. શ્રી યશોવિજયજી મ.** ને સાથે લઈ **કાશી** તરફ વિહાર કર્યો. ઝડપી રીતે કાશી-ક્ષેત્રે પહોંચી ગયા. ધનજી શેઠે હુંડી કરી નાણાં કાશીના સંઘ પર મોકલી આપ્યાં.

કાશીમાં તાર્કિક-માર્તંડ અને ષડ્દર્શનના અખંડ જ્ઞાતા **શ્રી ભટ્ટાચાર્ય** મહાધુરંધર વિદ્વાન્ હતા. જેમની પાસે ૭૦૦ શિષ્યો વિવિધ અભ્યાસ કરતા હતા તેમની પાસે ગુરૂઆજ્ઞાથી **શ્રી યશોવિજયજી મ. શ્રી** એ ન્યાય, મીમાંસા, જૈમિનિ, વૈશેષિક, બૌદ્ધ આદિના તથા ચિંતામણિ જેવા પ્રૌઢ-ન્યાયના ગ્રંથોનો તલસ્પર્શી અભ્યાસ ટૂંક સમયમાં કરી લીધો.

સાંખ્ય-પ્રભાકર ભટ્ટના દુરૂહ સિદ્ધાંતો પણ સમજી-જાણી વિચારી જિનશાસનના સિદ્ધાંતો સાથે સમ-વૈષમ્ય ક્યાં છે? તે બધું તારવી લીધું.

ધનજી શેઠ તરફથી પંડિતજીનું રોજ, રોકડા દીનારથી સન્માન કરવામાં આવતું.

આરે આબુ કીર્તિ પ્રસરતાં તેમની પ્રશંસા ગૂર્જરપતિ (ભૂપ) મહોબતખાન પાસે રાજસભામાં થતાં તેને તેમની વિદ્યા જોવા કૌતુક થયું અને તેના કથનથી પં. શ્રી યશોવિજયજી મ. શ્રીએ અઢાર (૧૮) અવધાન કરી બતાવ્યા. ખાને ખુશ થઈ બુદ્ધિનાં વખાણ કર્યાં અને તેમને આડંબરથી વાજતે-ગાજતે સ્વ-સ્થાનકે લઈ જવામાં આવ્યા.

આથી જૈન શાસનની ઉન્નતિ થઈ અને "તપાગચ્છના આ યતિ અજોડ પંડિત છે" એમ સર્વે ગચ્છવાળાએ સ્વીકાર્યું. શ્રી પૂ. આ. શ્રી ગચ્છનાયક વિજયદેવસૂરિજીને આ અજોડ-અજેય-અનુપમ બહુશ્રુત પંડિત 'ઉપાધ્યાય' પદને યોગ્ય છે માટે તે પદ આપવાની વિનંતિ કરતાં તેમણે તે વાત ધારી રાખી

પંડિતજીએ સ્થાનક-વીસ સ્થાનકની ઓળીનો તપ આદર્યો, શુદ્ધ સંવેગ સાથે સંયમની શુદ્ધિ વધારી-તે વખતે જયસોમ આદિ પંડિત મંડલીએ તેમનાં 'અહોઅ-ચરણ' સેવ્યાં. વિધિપૂર્વક તપ આરાધ્યા પછી (વિજયદેવ સૂરિના પટ્ટધર) પૂ. આ. શ્રી વિજય પ્રભસૂરિએ વિ. સં. ૧૭૧૮ માં વાચક- ઉપાધ્યાય પદ આપ્યું.

વિ. સં. ૧૭૪૩માં ડભોઈમાં પાઠકશ્રી હતા, ત્યાં માગ. સુ. ૧૧ દિને અનશન કરી સ્વર્ગસ્થ થયા. ત્યાં સમાધિસ્તૂપ કરવામાં આવ્યો કે જેમાંથી તેમના સ્વર્ગવાસ દિવસે ન્યાયની ધ્વનિ પ્રકટે છે. સંવેગી-શિરોમણિ જ્ઞાનરત્ન-સમુદ્ર અને કુમતતિમિર ઉચ્છેદવા માટે ભાસ્કરુણ દિનકર ગુરુ અદૃશ્ય થયો. પછી વિ. સં. ૧૭૪૫ માં તે સ્તૂપમાં તેમની પાદુકાઓ પ્રતિષ્ઠિત થઈ."

આ જીવન-વૃત્ત પરથી જણાય છે કે-નાની વયે દીક્ષા લીધી હતી, તેથી જન્મ સં. ૧૬૮૦ લગભગ મૂકી શકાય. ૬૩ વર્ષનું આયુષ્ય એ ગણનાએ થયું. તે દરમિયાન ૮ વર્ષની શિશુ-

આ ખંડનાત્મક ગ્રંથો રચવામાં પ્રેરણાત્મક વસ્તુ પોતાનો દૃઢ 'દર્શન પક્ષ' છે અને વળી કહે છે કે–

'વિધિનું કહેવું, વિધિ પરની પ્રીતિ, વિધિની ઇચ્છા રાખનાર પુરૂષોને વિધિમાર્ગમાં પ્રવર્તાવવા તથા અવિધિનો નિષેધ કરવો એ સર્વ અમારી જિન-પ્રવચન પરની ભક્તિ પ્રસિદ્ધ છે.'

(અધ્યાત્મસારનો અનુભવાધિકાર શ્લો ૩૧, ૩૨).

આ દર્શન પક્ષ અને પ્રવચન-ભક્તિને પરિણામે આવા ગ્રંથો રચ્યા અને તેમાં પોતાની તર્કશક્તિનો ઉપયોગ કર્યો. તે જ તર્કશક્તિને પાતંજલ, સાંખ્યાદિ સર્વ દર્શનોનો સ્વદર્શન સાથે શક્તિમાન્ સમન્વય કરવામાં પણ કામે લગાડી.

એ રીતે યોગ અને અધ્યાત્મમાં ઉતરી પોતે પણ આત્માનુભવ પ્રાપ્ત કરી શક્યા.

લગભગ સો (? સાઠ) શરદો સુધી મુખ્યપણે શાસ્ત્ર યોગ સિદ્ધ કરનાર, સંસ્કૃત-પ્રાકૃત-ગુજરાતી અને મારવાડી એ ચારેય ભાષાઓમાં વિવિધ વિષયોની ચર્ચા કરનાર પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. છે. પૂ. ઉપાધ્યાયજીના, જૈન તત્ત્વજ્ઞાન, આચાર, છંદ, અલંકાર વગેરે અન્ય-વિષયોના ગ્રંથોને બાદ કરી માત્ર જૈન-ન્યાય-વિષયક ગ્રંથો ઉપર નજર નાખીએ તો એમ કહેવું પડે છે કે—

પૂ. આ. શ્રી સિદ્ધસેન ને શ્રી સમંતભદ્ર આચાર્યથી પૂ. આ. શ્રી વાદીદેવસૂરિ અને પૂ. આ. શ્રી હેમચંદ્રાચાર્ય સુધીમાં જૈન ન્યાયનો આત્મા જેટલો વિકસિત થયો હતો, તે પુરેપુરો પૂ. શ્રી ઉપાધ્યાયજીના તર્ક ગ્રંથોમાં મૂર્તિમાન્ થાય છે; અને વધારામાં તે ઉપર એક કુશળ ચિત્રકારની

તેમનો ઉલ્લેખ-નિર્દેશ અન્ય ગ્રંથોમાં સ્પષ્ટ છે. એવા 'રહસ્ય' અંકિત સો ગ્રંથ કરવાની પોતાની ઇચ્છા **ભાષારહસ્યમાં** વ્યક્ત કરી છે.

તેમના ગ્રંથો–ઘણા મુદિત થયા છે, થોડા અ-મુદિત છે, ને લબ્ધ થતા અ-મુદિત ગ્રંથો કરતાં વિશેષ ગ્રંથો અનુપલબ્ધ છે.

મુદિત-ગ્રંથો

(૧) અધ્યાત્મસાર.
(૨) દેવ-ધર્મ પરીક્ષા.
(૩) અધ્યાત્મોપનિષદ્.
(૪) આધ્યાત્મિક-મત-ખંડન. (સટીક)
(૫) યતિલક્ષણ-સમુચ્ચય
(૬) નય-રહસ્ય.
(૭) નય-પ્રદીપ.
(૮) નયોપદેશ.
(૯) જૈનતર્ક-પરિભાષા.
(૧૦) જ્ઞાનબિંદુ.
(૧૧) દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા.
(૧૨) કર્મપ્રકૃતિ ઉપર સં. ટીકા.
(૧૩) જ્ઞાનસાર.
(૧૪) ગુરુતત્ત્વ વિનિશ્ચય.
(૧૫) સામાચારી પ્રકરણ
(૧૬) આરાધક-વિરાધક ચતુર્ભંગી.
(૧૭) જ્ઞાનમંજરી.
(૧૮) ન્યાયામૃતતરંગિણી.
(૧૯) પ્રતિમાશતક.
(૨૦) પાતંજલ૦યોગસૂત્રના ચતુર્થ પાદ પર વૃત્તિ.
(૨૧) યોગ વિંશિકા
(૨૨) અધ્યાત્મમત પરીક્ષા
(૨૩) સ્યાદ્વાદ કલ્પલતા
(૨૪) યોગદીપિકા.
(૨૫) ઉપદેશ રહસ્ય.
(૨૬) ન્યાયાલોક
(૨૭) ન્યાયખંડન ખાદ્યપ્રકરણ.
(૨૮) ભાષા-રહસ્ય.
(૨૯) તત્ત્વાર્થવૃત્તિ (પ્રથમાધ્યાય વિવરણ)
(૩૦) વૈરાગ્ય કલ્પલતા.
(૩૧) ધર્મપરીક્ષા સવૃત્તિ.
(૩૨) ઐન્દ્ર-સ્તુતયઃ
(૩૩) પરમજ્યોત પંચવિંશતિકા.
(૩૪) પરમાત્મ જ્યોતિ „
(૩૫) પ્રતિમા સ્થાપનન્યાય.
(૩૬) પ્રતિમા શતક.
(૩૭) માર્ગપરિશુદ્ધિ.

સજ્ઝાય બનાવ્યાની નોંધ જૈન ગુર્જર કવિઓ (ખંડ ૩ ભા.-૨ પૃ. ૧૩૨૯)માં મળી આવે છે.

(૪) શ્રી આણંદવર્ધનજી મ.

આ નામવાળા મુનિરાજશ્રી તપાગચ્છમાં, ખરતરગચ્છમાં અને અંચલગચ્છમાં પ્રસિદ્ધ થયા છે

જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ (પા ૬૬૪) અને (પા. ૬૦૭)ના આધારે ખરતરગચ્છના શ્રી આણંદવર્દ્ધનજી ચોવીશીકાર જણાય છે.

જો કે ત્યાં સ્પષ્ટ સંવતનો ઉલ્લેખ નથી, પણ નોંધ નં. ૮૯૬ (પા. ૬૦૭)ના આધારે પ્રાયઃ વિ.સં.૧૬૭૮ અને નં. ૯૭૬(પા. ૬૬૪)ના આધારે વિ. સં. ૧૭૧૨ જણાય છે

આ ઉપરાંત જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ (પા ૬૨૬) નોંધ નં. ૧૪૮ના આધારે અંચલગચ્છના મહિમાસાગરજીનો ઉલ્લેખ છે અને ચોવિશીમાં છેલ્લા શ્રી મહાવીર પ્રભુસ્તવનની છેલ્લી કડીમાં દેખાતાં "મહિમા સાગર વિનતિ, આણંદ વર્દ્ધન ગુણ ગાય" આ વાક્ય-રચનાથી વહેમ થાય તેમ છે. અંચલગચ્છના મહિમાસાગરના શિષ્ય મુનિજી આનંદવર્દ્ધનજી પણ હોય.

જૈન ગૂર્જર કવિઓ (ભા. ૩ ખં. ૧ પા. ૫૭૪)મા કવિ ક્રમાંક ૮૭માં આણંદ (આનંદવર્ધન) નામથી આગળ ૨૪-જિન સ્તવન (સં. ૧૫૬૧) નોંધી ચોવિશીનો આદિ ભાગ "શ્રી આદિ જિણંદ મયા કરઉ" મુકેલ છે.

અને આ ચોવિશીની પ્રતો નીચે મુજબના જ્ઞાન ભંડારોમાં હોવાનું મળ્યું છે.

ક—સાગર ઉપાશ્રય-પાટણ ડાબડા નં. ૭ નં. ૩૫. પત્ર ૧૧-૧૨.

જિન વર્ધમાન માય કરો,
ચઉવીશમા જિનરાય !
મહિમાસાગર વિનતી,
આણંદવર્દ્ધન ગુણ ગાય ॥

× × ×

મંવત ૧૭૫૯ વર્ષે ભાદરવા વદિ ૧૦ દિને સુરતિ બિંદરે મુનિ આણંદવિજય લિખિતં × × ×"

એટલે આ ઉપરથી "ખરતરગચ્છના શ્રી મહિમાશિષ્યશ્રી આણંદસાગરજી મ. ના વર્દ્ધન મુનિશ્રીએ વિ. સં. ૧૭૭૨ માં આ ચોવિશી બનાવી છે" એ નક્કી થાય છે. તેથી જૈન ગૂર્જર કવિઓ (ભા. ૩. ૧ પૃ. ૫૩૪)માં નોંધાયેલ સં. ૧૫૬૨ શરતચૂક કે લેખક દોષ જણાય છે.

આ વાતનું સમર્થન ચોવિશીના છેલ્લા ૨૪મા સ્તવનમાં ચોથી ગાથામાં "આદિત કુલગર ચંદ્રમા, સંવત ખરતરમાણુ"

એ પૂર્વાર્દ્ધથી આદિત-સૂર્ય-૧૨-કુલગર-૭ચંદ્રમા-૧-એટલે ૧૭૭૨માં ખરતરગચ્છના મુનિશ્રીએ આ ચોવિશી બનાવી એ સ્પષ્ટ થાય છે.

આ ચોવિશીની બીજી પ્રતોની નોંધ પણ જૈન ગૂર્જર કવિઓ (ભા. ૩ ખં. ૨ પૃ. ૧૧૪૯)માં નીચે મુજબ મળે છે.

૧-સં. ૧૭૨૯ ચૈ. સુ. ૧૧ ભોમે લિ. ૬-૧૨ જશ.

૨-જિનવિજય પઠનાર્થં. ગ. રંગવિજય લી. સં. ૧૭૩૫ આદ વદ ૯ પત્ર ૫ નં. ૩૪૫-

પ્રવર્તક કાંતિવિજયજી મ.

૩-સં. ૧૭૭૨ પત્ર ૭ અંત નં. ૨૯૫૬ લીંબડી જ્ઞાનભંડાર

કે કીર્ત્તિવિમલ શબ્દથી ગુરુ તરીકે સ્મરણ કરેલા આ પૂજ્ય મહાત્મા હોય તે સંભવિત લાગે છે.

એટલે આ ચોવીશી સં. ૧૬૭૧માં વિદ્યમાન શ્રી કીર્ત્તિવિમલજી મ.ના શિષ્ય પૂ. શ્રી લક્ષ્મીવિમલજી મ. બનાવી હોય એ સંભવિત છે.

(૬) પૂ. ઉપાધ્યાયશ્રી માનવિજયજી મ.

જિનશાસનના સાહિત્ય-ગગનમાં તેજસ્વી તારા જેવા ચમકતા સમર્થ ગ્રંથકાર તરીકે પ્રખ્યાત ઉપાધ્યાય **શ્રી માનવિજયજી મ.** માટે મળી આવતાં ઐતિહાસિક સાધનોના આધારે જાણવા મળે છે કે-

જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ (પા. ૬૬૪.)માં ઉપાધ્યાયશ્રીનો સમય વિ. સં. ૧૭૧૬ થી ૧૭૨૨ નો નોંધ્યો છે.

જો કે આ ઉપાધ્યાય ભગવંતે વિ. સં. ૧૭૩૮ માં **શ્રીધર્મસંગ્રહ** જેવા મહાન આગમિક-ગ્રંથ-જેનું કે-સંશોધન પૂ. ઉપા. **શ્રી યશોવિજયજી મ. શ્રીએ કરેલ છે.**-નું નિર્માણ કર્યાની નોંધ જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ (પા. ૬૨૫ ટિ. નં. ૫૨૭)માં સ્પષ્ટ જોવા મળે છે.

એટલે સં. ૧૭૩૮ સુધી **પૂ. શ્રી માનવિજયજી મ.** હયાત હોય તે સંભવિત છે, પણ પ્રસ્તુત ચોવીશી ક્યારે બની તેની માહિતી મળી શકી નથી. ફક્ત **જૈન ગૂર્જર કવિઓ** (ભા. ૩ ખં. ૨ પા. ૧૨૪૧)માં ૭૧૦ નંબર તરીકે **ચોવીશીની નોંધ** છે, તે કદાચ પ્રસ્તુત ચોવીશી હોય.

વળી ઉપાધ્યાયશ્રીની બીજી કેટલીક કૃતિઓ નીચે મુજબ મળે છે.

શ્રી નવતત્ત્વ બાલાવબોધ-જેની નોંધ **જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ** (પા. ૬૬૨)માં છે.

ગણીના શિષ્ય પં. ધીરવિમલગણી મ. પાસે પારમેશ્વરી પ્રવ્રજ્યા ગ્રહણ કરવા રૂપે દીક્ષા સ્વીકારી હતી.

દીક્ષા અવસરે શ્રી નયવિમલજી નામ હતું.

પૂજ્યશ્રીએ શ્રી અમૃતવિમલગણી તથા શ્રી મેરૂવિમલગણી મ. પાસે વિનયપૂર્વક વિદ્યાભ્યાસ કરેલ.

વિ. સં. ૧૭૨૭ મહા સુદ ૧૦ના મંગળદિને ધાણેરાવ (મારવાડ)માં તપાગચ્છના મુખ્ય આચાર્ય શ્રી વિજયપ્રભસૂરિ મ. શ્રીએ પૂજ્યશ્રીને પંડિત (પંન્યાસ) પદ અર્પણ કરેલ.

તેમના ગુરુ શ્રી ધીરવિમલગણી મ.નો વિ. સં. ૧૭૩૯ માં સ્વર્ગવાસ થયેલ.

પૂજ્યશ્રી વિહારનુક્રમે મારવાડ તરફથી ગુજરાત તરફ પધાર્યા પાટણ શહેરમાં ધર્મપ્રભાવના ખૂબ કરી.

વિ. સં ૧૭૪૮ (મતાંતરે ૧૭૪૯) ના ફા. સુ. ૫ ગુરૂવારે તપાગચ્છાધીશ્વર પૂ. આ. શ્રી વિજયપ્રભસૂરિજી મ.ની આજ્ઞાથી પૂ. આ. શ્રી મહિમાસાગરસૂરિજી ભગવંતે પાટણ પાસે સંડેસર (સંડેર) ગામે શ્રી ઋષભદેવ પ્રભુના મંદિરે શ્રીસંઘે કરેલ ભવ્ય મહોત્સવ પૂર્વક ધામધૂમથી આચાર્યપદવી આપી અને શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજી મ. નામ સ્થાપ્યું.

"આ મહોત્સવમાં ધર્મપ્રેમી શેઠ શ્રી નાગજીભાઈએ છુટે હાથે અઢળક નાણું ખર્ચી ઉમંગભેર લ્હાવો લીધેલ." એવી નોંધ ઐતિહાસિક ગ્રંથોમાં મળે છે.

આ સૂરિવર્યશ્રીએ જીવનમાં અનેક ધર્મ-પ્રભાવનાના કાર્યો કરાવ્યા છે.

ખાસ કરીને સૂરિજીના ઉપદેશથી વિ.સં. ૧૭૭૭ માં સુરતના

ઇતિહાસમાં એક મહત્ત્વની નોંધ મળે છે કે-

"પૂ. આ શ્રી. જ્ઞાનવિમલસૂરિમ. ના રચેલા ઘણા ગ્રંથોનો પ્રથમાદર્શ (પ્રથમપ્રત) શ્રી સુખસાગરજી મ. કવિ (પૂ. ગણિવર્યશ્રી દીપસાગરજી મ. કવિના શિષ્ય) એ લખી અપૂર્વ ગુરુભક્તિઆંતરિક બહુમાન વ્યક્ત કરેલ"

પૂ. આ. શ્રી જ્ઞાનવિમલસૂરિ મ. નું રચેલ સાહિત્ય.

સંસ્કૃત	ગૂર્જરસાહિત્યનું ગદ્યસાહિત્ય બાલાવબોધ ટબ્બા વિગેરે-
૧ શ્રી પ્રશ્ન વ્યાકરણ સૂત્રવૃત્તિ	૧ શ્રી નવતત્ત્વ બાલાવબોધ-૧૭૩૯
૨ શ્રી શ્રીપાલચરિત્ર ગદ્ય. સં ૧૭૪૫	૨ શ્રી શ્રમણસૂત્ર „ ૧૭૪૩
૩ શ્રી સંસારદાવા. સ્તુતિવૃત્તિ	૨ શ્રી પ્રશ્ન દ્વાત્રિંશિકા „
૪ શ્રી પ્રશ્ન દ્વાત્રિંશિકા સ્તોત્ર કાવ્ય	૪ પૂ. ઉપા યશોવિજયજી મ. ના ૩૫૦ ગાથાના સ્તવનનો બાલાવબોધ
૫	શ્રી દીવાળી કલ્પબાલાવબોધ ૧૭૬૩
૬	શ્રી આનંદઘનજી ચોવીશી બાલાવબોધ ૧૭૬૯
૭	શ્રી ષડ્ આવ્ય બાલાવબોધ.
૮	શ્રી અધ્યાત્મ કલ્પદ્રુમ „ ૧૭૭૦
૯	શ્રી ચ.લિક સૂત્ર „ ૧૭૭૧
૧૦	પૂ. ઉપા. શ્રી યશોવિજયજી મ.ની ચોસઠ્ઠિની સજ્ઝાય બાલાવબોધ

ગુજરાતી પદ્ય સાહિત્ય

૧ શ્રી જંબુસ્વામીના રાસ (વિ. સં. ૧૭૩૮ ક. વ. ૧૦ સુરત)
૨ શ્રી નરભવ દશ દૃષ્ટાંત ઉપનય (સં. ૧૭૩૪ પૂર્વે)

જેમાં મુખ્યત્વે નીચેના વિષયોની સજ્ઝાયો ખાસ મહત્ત્વની છે.

૧ ચૌદ પૂર્વની
૨ ગુરુની ૩૩ આશાતનાની
૩ આત્મશિક્ષા
૪ વીસ અસમાધિસ્થાન
૫ ૨૧ શબળ સ્થાન
૬ ૧૯ પાપશ્રુત
૭ ૩૦ મોહનીયસ્થાન
૮ ૩૨ યોગ સંગ્રહ
૯ સમ્યગ્ત્વની પૂર્વભૂમિકારૂપ ૮ ગુણોની
૧૦ સમ્યક્ત્વવિચાર
૧૧ યોગની પૂર્વ સેવા
૧૨ મુક્તિ અદ્વેષ
૧૩ ચિન્તાચિન્તાવિચાર
૧૪ સામાયિકના ૩૨ દોષ
૧૫ આઠ દૃષ્ટિવિચાર
૧૬ અષ્ટમંગી
૧૭ નિર્ગ્રંઈ-નિંવીયાતાં
૧૮ મુહપત્તી પડિલેહણા
૧૯ શ્રાવકના ૨૧ ગુણો
૨૦ કાઉ.ના ૧૯ દોષો
૨૧ દેવસી પડિ. વિધિ
૨૨ રાઈ પડિ. વિધિ
૨૩ ૭ વ્યસન પરિહાર
૨૪ સુમતિ શીખામણ
૨૫ ચતુર્વિધ આહાર સંબંધી
૨૬ ઇરિયાવહી સંબંધી
૨૭ ચંદ્રગુપ્તના ૧૬ સ્વપ્નની
૨૮ રાત્રિભોજન
૨૯ ઉપદેશક પ્રભાતિયાં
૩૦ હિતશિક્ષા

આ સિવાય પૂજ્યશ્રીની બનાવેલી તે તે મહાપુરુષોના ગુણ ગ્રામના વર્ણનાત્મક સજ્ઝાયો તો ઢગલાં બંધ છે.

૮. પૂ. શ્રી ભાવવિજયજી મ.

પ્રસ્તુત ચોવીશી સંગ્રહમાં છપાવેલ દશમી ચોવીશીના કર્તા તરીકે સામાન્યથી ભાવવિજયજી મ. નોંધ્યા છે, પણ જરા વિગતથી તપાસતાં નીચેની વાત જાણવા મળે છે કે- કર્તાએ, ચોવીશીમાં પોતાના નામનો ઉપયોગ ત્રણ રીતે કર્યો છે.

(અ) ૧, ૨, ૫, ૬, ૮ થી ૧૩, ૧૫, ૧૭ થી ૨૦, ૨૨, સ્તવનમાં માત્ર ભાવ શબ્દનો જ ઉલ્લેખ છે.

જે જિજ્ઞાસુઓના હિતાર્થે અહીં ઉદ્ધત કર્યું છે.

પૂ. શ્રી ભાવવિજયજી મ. કૃત ચોવીશી

કળશ

"ઈમ થુણ્યા જિનવર નામે[1] લંછન[2] વર્ણ[3] શાસન[4] સુર-સુરી[5],
તનુમાન[6] માતા[7] પિતા[8] જીવિત[9] વંશ[10] નયરો[11] ઉચ્ચરી ।
તપગચ્છ પ્રભુશ્રી વિજય આણંદ (દાન)
સૂરિ શ્રી વિમળહર્ષ વાચક વરૂ,
ઉવજ્ઝાય શ્રી મુનિ વિમલ સેવક ભાવ સુખ સંતતિ કરૂ ॥"

અહીં એક વાત ખાસ ધ્યાન દેવી છે કે:—

કળશની ત્રીજી લીટીમાં શ્રી વિજયાણંદસૂરિનો ઉલ્લેખ છે પણ તે લેખક-દોષ કે સ્મૃતિદોષ લાગે છે.

કેમકે-જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ (પૃ. ૬૦૧) તથા આજ ગ્રંથના પા. ૧૦૭૨ પર નોંધાયેલ શ્રી ભાવવિજયજી મ. ના ઐતિહાસિક નોંધના આધારે પૂ. શ્રી વિમલહર્ષ ઉપાધ્યાય ભગવંતના ગુરૂમહારાજ પૂ. આ. શ્રી વિજયદાનસૂરીશ્વરજી મ. છે. પણ પૂ. શ્રી વિજયાનંદસૂરિ મ. નહી.

તેથી યોગ્ય રીતે સુધારો સમજવાની જરૂર છે.

આ પૂજ્યશ્રીએ નીચે મુજબનાં ગ્રંથો બનાવ્યા છે.

૧. શ્રી ષટ્‌ત્રિંશજ્જલ્પવિચાર સં. ૧૬૭૯
૨. શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર સંસ્કૃતવૃત્તિ-સં. ૧૬૮૯.
૩. શ્રીધ્યાન-સ્વરૂપનિરૂપણ ચોપાઇ સં. ૧૬૯૬ ચૈત્ર વ. ૧૦ ખંભાત
૪. શ્રી ચંપકમાલા કથા સં. ૧૭૦૮ બીજાપુર.

* શ્રી વરકાણા પાર્શ્વનાથ સ્તવન ગા. ૫.
* શ્રી નેમિનાથ જિન સ્તવન ગા. ૭
* શ્રી નેમિનાથ જિન સ્તવન ગા ૫
* શ્રી સુપાર્શ્વનાથ સ્તુતિ ગા ૪
* શ્રી પાર્શ્વનાથ સ્તુતિ ગા ૫
* શ્રી પચતીર્થી સ્તુતિ ગા ૪

શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ છંદ ગા. ૫૧.

આ મુનિવરશ્રીની પરમ-વિદ્વત્તા સબંધે જૈન સાહિત્યનો સં. ઇતિહાસ (પા. ૬૦૧) માં વિશિષ્ટ નોંધ મળે છે.

"વિ. સં. ૧૬૭૭ માં પૂ. આ. શ્રી વિજયદાનસૂરીશ્વરજી મ શિષ્ય ઉપા વિમલહર્ષજી મ. શિષ્ય પૂ. શ્રી જયવિજયજી મ.ની કલ્પસૂત્રદીપિકાનું તથા વિ. સં. ૧૬૯૬માં પૂ ઉપા. શ્રી વિનયવિજયજી મ. કૃત શ્રી કલ્પસૂત્ર સુબોધિકાવૃત્તિનું અને વિ. સં. ૧૭૦૮ માં પૂ. ઉપા. શ્રી વિનયવિજયજી મ. કૃત લોકપ્રકાશ ગ્રંથનુ વિદ્વત્તાભર્યું સંશોધન પૂ. મુનિશ્રી ભાવવિજયજી મ. એ કરેલ"

૯ પૂ. ઉપા. શ્રી વિનયવિજયજી મ.

આ પૂજ્યશ્રી જૈન સાહિત્ય-ગગનના તેજસ્વી તારા છે. પૂજ્યશ્રીના નામથી ભાગ્યે જ કોઈ અજાણ્યું હશે દર વર્ષે પર્વાધિરાજ શ્રી પર્યુષણા પ્રસંગે શ્રી કલ્પસૂત્રના સુબોધિકા ટીકાના શ્રવણથી દરેકના કાન પવિત્ર થાય જ, તે રીતે તે ટીકાના રચયિતા રૂપે તથા દર વર્ષે શ્રી નવપદજીની આસો-ચૈત્રી ઓળીમાં વંચાતા આ-બાળ-ગોપાળ પ્રસિદ્ધ શ્રીપાળરાજાના રાસના પ્રણેતા રૂપે આ પૂજ્યશ્રી અતિ પ્રસિદ્ધ થયા છે. વળી આ-બાળ-ગોપાળ પ્રસિદ્ધ "સિદ્ધાર્થ-

તેઓશ્રીએ નૈષધાદિ મહાકાવ્યોનો અભ્યાસ ખૂબજ તલસ્પર્શી રીતે કરેલ.

જેની સાક્ષી રૂપ આ પૂજ્ય મ.શ્રીની વિ. સં. ૧૬૮૪ના ચૈત્ર વદ ૧૦ શુક્રવારે સ્વહસ્તે લખાયેલ **શ્રી નૈષધમહાકાવ્યના ૧૨મા સર્ગ** સુધીનો રામચંદ્ર વિરચિત **શ્રી** **સેધી** નામની ટીકાની પ્રત આજે પણ હસ્તલિખિત ભંડારોમાં મળે છે,

આ પૂજ્યશ્રીએ સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં પ્રૌઢ શાસ્ત્રીય પદાર્થોના વિવેચન રૂપ મહાગ્રંથો અને વિવિધ પદ્ય સાહિત્ય બહોળા પ્રમાણમા રચ્યું છે. જેની મળી આવતી નોંધ આ પ્રમાણે છે–

પૂ. ઉપા. શ્રી વિનયવિજયજી મ. પ્રણીત રચનાઓની નોંધ.

૧. શ્રી કલ્પસૂત્ર સુબોધિકા ટીકા ૬૫૮૦ શ્લોક પ્રમાણ

વિ સં. ૧૬૯૬ જેઠ સુદ ૨ ગુરુ-પુષ્ય યોગે પૂ. પં. શ્રી રામ-વિજયજી મ. શિષ્ય મુનિશ્રી શ્રીવિજયજી મ. (જેમણે રઘુવંશ અને કુમારસંભવ-મહાકાવ્ય પર ટીકા રચી છે)ની આગ્રહભરી અભ્યર્થનાથી આ મહાટીકાની રચના કરી

જેનું સંશોધન-તપાગચ્છીયાચાર્યશ્રી વિજયદાનસૂરી·

નામ સોમવિજયજી રાખેલ જેઓ પાછળથી પ્રખ્યાત ઉપાધ્યાય થયેલ

તેમની સાથે નાનો ભાઈ કલ્યાણજી અને બહેને પણ દીક્ષા લીધેલ. તેમનું નામ કીર્તિવિજયજી મ. તથા વિમળશ્રીજી નામ રાખેલ.

આ પ્રસંગે ૧૮ પુરુષોનોએ દીક્ષા લીધાની નોંધ સૂરીશ્વર અને સમ્રાટ (પા. ૨૧૭ ૨૧૮) માં મળે છે."

૭. શ્રી શાંતસુધારસ ગ્રંથ :

અનિત્યાદિ બાર ભાવનાઓ અને મૈત્રી આદિ ચાર ભાવનાઓ મળી સોળ ભાવનાઓ પર અત્યંત સુંદર લલિત મહાકાવ્ય તરીકે અને **પંડિતરાજ જયદેવ** કવિકૃત શૃંગાર-પ્રધાન ભક્તિકાવ્યરૂપે મહત્ત્વના મનાતા **ગીતગોવિંદ** કાવ્યને અધ્યાત્મ-વૈરાગ્યપ્રધાન ભક્તિ કાવ્ય તરીકે ટક્કર લેનાર અને નામ પ્રમાણે યથાર્થ ગુણને ધારણ કરનાર આ ગ્રંથ છે.

આ ગ્રંથ વિ. સં. ૧૭૨૩માં ગંધપુર (ગંધાર) બંદરે પૂજ્યશ્રીએ બનાવ્યો છે.

આ ગ્રંથમાં જુદા જુદા ગેય-રાગોમાં બાળભોગ્ય શૈલિ છતાં વિદ્વાનોને આકર્ષનારી પદ્ધતિએ સોળ ભાવનાઓનું આદર્શ ચિત્ર રજુ કર્યું છે.

૮ શ્રીમદર્હન્નમસ્કાર સ્તોત્ર

૯ શ્રી જિનસહસ્ર-નામ-સ્તોત્ર

વિ. સં. ૧૭૩૧માં પૂજ્યશ્રીએ ભક્તિયોગને પરિપુષ્ટ કરનાર મહત્ત્વના આ બે વધુ ગ્રંથો રચ્યા છે.

૧૦ પટ્ત્રિંશત્ જલ્પ

પૂ. ઉપા. શ્રી ભાવ વિજયજી મ. ગણી કૃત પટ્ત્રિંશત્-જલ્પ વિચાર નામના ગ્રંથમાંથી સંક્ષેપ રૂપે સંસ્કૃતમાં આ ગ્રંથ રચાયેલ છે.

આ સિવાય ગૂર્જર ભાષામાં રચાયેલ સ્તવન-સજ્ઝાય આદિ સાહિત્ય નીચે મુજબ મળે છે.

૧ શ્રી સૂર્યપુર ચૈત્ય પરિપાટી (વિ. સં. ૧૬૮૯)

૨ શ્રી વિજયદેવસૂરિ લેખ (સં. ૧૭૦૫ ધનતેરશ ખંભાત)

૧૪ શ્રી આંબિલ વિચાર સ્તવન—(ગાથા ૧૧)

૧૫ શ્રી વિનયવિલાસ (૩૭ પદો)

વિવિધ વિષયોને લગતા આધ્યાત્મિક શૈલિથી રચાયેલ ઢાળ પદ ૩૫ ગીતોનો સંગ્રહ શ્રાવક ભીમશી માણેક સંકલિત ''સજ્ઝાય સંગ્રહ''માં પ્રકાશિત છે

૧૬ શ્રી ભગવતી સૂત્ર સજ્ઝાય (સં. ૧૭૩૮ રાંદેર ચોમાસામાં (ગાથા ૯)

૧૭ શ્રી ઇરિયાવહી સજ્ઝાય (સં. ૧૭૩૦) (ગાથા ૨૫)

૧૮ શ્રી અધ્યાત્મ ગીતા (શ્લોક ૩૩૦)

૧૯ શ્રી ચતુર્વિંશતિ તીર્થંકર સ્તવન ચોવીશી
પ્રસ્તુત સંગ્રહમાં જે છપાયેલ છે તે.

૨૦ શ્રી વિહરમાન જિન વીશી

૨૧ શ્રી શાશ્વત જિન ભાસ (શ્લો. ૯)

૧૦ શ્રી હરખચંદજી મ.

આ પુણ્યવાન મુનિ છે કે શ્રાવક? તે સ્પષ્ટ ચોક્કસ સાધનના અભાવે જાણી શકાતું નથી.

પણ જૈન ગૂર્જર કવિઓ (ભા. ૩ ખં. ૨ પા. ૧૫૫૩) માં હરખ આ કવિ તરીકે હરખચંદ શ્રાવક જણાવી પ્રસ્તુત ચોવીશીના આદિભાગ –શ્રી ઋષભદેવ પ્રભુનું સ્તવન તથા અંત્ય ભાગ મહાવીર સ્વામીના સ્તવનની ફક્ત નોંધ કરી રજુ કરે છે.

આ ઉપરથી પ્રસ્તુત ચોવીશીના કર્તા શ્રાવક હોય તેમ જણાય છે

ઐતિહાસિક–દ્રષ્ટિએ તપાસતાં હરખચંદજી અંગે થોડી બીજી વિગતો મળે છે, જેમ કે—

જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ (પા. ૬૫૭) માં

સકલ પંડિત શિર મુકુટ નગીનો શ્રી જ્ઞાનવિજયબુધરાય ।
તે ગુરૂચરણ પસાયે જિનના નયવિજય ગુણ ગાય ॥

એટલે આ ચોવીશી વિ. સં. ૧૭૪૬ કાર્તિક સુદિ તેરશે ઉન્નતપુર (ઉના–સૌરાષ્ટ્ર) નગરે પૂ. આ. શ્રી વિજયપ્રભસૂરિજી મ. રાજ્યે પૂ. ઉપા. શ્રી જ્ઞાનવિજયજી મ. શિષ્ય શ્રી નયવિજયજી મ.એ રચી છે.

અહીં કળશમાં સૂચવાયેલ ગુરૂના નામનો ઉલ્લેખ ચોવીશીકારે ૧, ૩, ૬, ૧૬, ૧૯ અને ૨૪મા સ્તવનમા પણ કર્યો છે.

આ ચોવીશીકાર અંગે ઐતિહાસિક તપાસમાં ખૂબ જ જૂજ સામગ્રી મળે છે.

જૈન સા. નો સં. ઈતિહાસ (પૃ. ૬૬૫)માં "શ્રી નયવિજય–૧૭૪૪" એટલી નોંધ છે.

જૈન ગૂર્જર કવિઓ (ભા. ૩ ખં ૨ પા. ૧૩૩૩)માં કવિ ક્રમાંક ૮૭૨ ગ.માં શ્રી નયવિજયજી ગણી (તપા. શ્રી જ્ઞાનવિજયજી શિષ્ય)ના નામ તળે ૧૮૨૪ ગ. સંખ્યાની શ્રી નેમિનાથ બારમાસા નામે એક કૃતિ નોંધાયેલ છે.

જેની રચના સં. ૧૭૪૪માં થરાદ નગરે થયેલી છે. ને કૃતિના છેડે આપેલ કળશ પણ ત્યાં ઉલ્લેખેલ છે તે આ પ્રમાણે–

"સંત્તરમિ"સાલઈ વીરભદ્ર 'થીરપદ રહી ચૌમાસ ।
આનંદ અધિક પાયા ગાયા બારે માસ ॥
સકલ પંડિત શિરતાજ જં રાજ (વિજયરાજ) રાજઈ ।
જ્ઞાન વિજય પ્રભુ પદ્ધ વાજઈ ।
તે ગુરૂ ચરણ પસાય પામો, નયવિજયે વિનવ્યા નેમિસામી ॥

૯. શ્રી લીલાવતી રાસ સુમતિવિલાસ (સં. ૧૭૬૭ આસો વદ ૬ સોમ પાટણના ઉનાઉઆ ગામે)

૧૦. શ્રી ધર્મ-પાપ બુદ્ધિરાસ (સં. ૧૭૬૮ માગ. સુ. ૧૦ રવિ પાટણ)

૧૧. શ્રી ભુવનભાનુકેવલીરાસ- રસલહરી (સં ૧૭૬૯ પોષ વદ ૧૩ પાટણ પાસે ઉનાઉવા)

૧૨. શ્રી નેમિનાથ સલોકો

૧૩. શ્રી ભરત-બાહુબલી સલોકો

૧૪. શ્રી ભાવરત્નસૂરિ પ્રમુખ પાંચ પાટ વર્ણન ગચ્છપરંપરારાસ (ઢાળ ૩૧) સં ૧૭૭૦ બારેજામાં શરૂઆત સમાપ્તિ ખેડામાં.

૧૫. શ્રી કંડણમુનિની સજ્ઝાય (ઢાળ-૧૭) (સં. ૧૭૭૨ ભાદરવા સુ. ૧૩ બુધવાર અમદાવાદ)

૧૬. શ્રી જિન સ્તવન ચોવીશી (સં. ૧૭૭૨ ભા. સુ. ૧૩ બુધવાર અમદાવાદ)

૧૭. શ્રી દામન્નક રાસ (સં. ૧૭૮૨ આસો વદ ૧૧ બુધ. અમદાવાદ)

૧૮. શ્રી વરદત્ત-ગુણમંજરી રાસ (સં. ૧૭૮૨ માગસર સુદ ૧૧ બુધવાર અમદાવાદ)

૧૯. શ્રી સુદર્શનશ્રેષ્ઠી રાસ (સ. ૧૭૮૫ ભા. વદ ૫ ગુરુ પાટણ)

૨૦. શ્રી નેમનાથ-રાજીમતી બાર માસ (તેર માસ) સં. ૧૭૯૫ શ્રા. સુ. ૧૫ સોમ ઉનાવ

૨૧. શ્રી સૂર્યયશાનો રાસ (સં. ૧૭૯૨)

૨૨ શ્રી હરિવંશરાય-રસરત્નાકર (સં. ૧૭૯૯ ચૈ. સુ. ગુરૂ ઉમરે

- શત્રુંજય પદ (ગા. ૧૧) (દાદા મોરા.)
- શ્રી દંડક વિચાર સ્તવન.
- શ્રી અષ્ટભંગી સ્તવન.
- શ્રી સિદ્ધાચલ સ્તવન (તે દિન ક્યારે આવશે)
- શ્રી સિદ્ધાચલ સ્તવન (ઝાંખડીયે રે મેં આજ૦)

આ ઉપરાંત પૂ. ઉપા. શ્રી ઉદયરત્નજી મ. શ્રીએ સજ્ઝાયો ઘણી બનાવી છે તેમાંની થોડીક નીચે મુજબની ઈતિહાસના પાને નોંધાઈ છે.

- ભાગ નિષેધક (સં. ૧૭૯૫ ફા. સુ. ૨)

- શ્રી અઈમુત્તામુનિજી
- શ્રી એકાદશીની
- શ્રી વૈરાગ્યની
- શ્રી સીતાજીની
- શ્રી યૌવનની અસ્થિરતાની
- શ્રી નારીને શિખામણની
- શ્રી ક્રોધ નિવારણના
- શ્રી માન નિવારણની
- શ્રી માયા નિવારણની
- શ્રી લોભ નિવારણની
- શ્રી પ્રભાતીયાની
- શ્રી સ્ત્રી શિખામણની
- શ્રી શીયળની
- શ્રી બ્રહ્મચર્યની
- ચૈતન્યને શિખામણની
- શ્રી નિદ્રા નિવારણની
- શ્રી અભવ્યને ઉપદેશ ન લાગે તેની
- શ્રી વૈરાગ્યની
- શ્રી અજ્ઞાન દોષ નિવારણની
- શ્રી પરસ્ત્રી ત્યાગની
- શ્રી શીલધર્મની
- શ્રી સુમતિ વિલાપની
- શ્રી આત્મહિત શિક્ષાની
- શ્રી બ્રહ્મચર્યની

વધુમાં શ્રી જૈન ગૂર્જર કવિઓ (ભા. ૨ પા. ૪૧૪-૪૧૫) માં પૂ. ઉપાધ્યાય શ્રી ઉદયરત્નજી મ. સંબંધી કેટલીક મહત્ત્વની લોકોક્તિઓ (જેમાં પૂજ્યશ્રી ઓની મુદ્રાની ખાસ નોંધ જળવાઈ છે

એડામાં **શ્રી શાંતિનાથજીના** દેરા પાસે જ્ઞાનભંડાર છે. તેમની પરંપરાના **શ્રી સુમતિરત્ન ગોરજી** છેલ્લા થયા. જેઓ ૯૬ સમય પૂર્વે સ્વર્ગત થયા ॥

વળી લોક-પ્રસિદ્ધ એક વાત પણ અહીં નોંધવી જરૂરી છે કે "સં. ૧૭૬૯ થી ૧૭૭૯ના ગાળામાં **પૂ. શ્રી વાચકવર્ય શ્રી ઉદયરત્નજી મ.** એડાથી વિશાળ-સંઘના પરિવાર સાથે **શ્રી શંખેશ્વર તીર્થે** યાત્રાર્થે પધાર્યા"

"તે વખતે શ્રી શંખેશ્વર-પાર્શ્વનાથ-પ્રભુની મૂર્તિ કાળ-પ્રભાવથી **શંખેશ્વર** ગામના ઠાકોરના કબજામાં હતી અને પટારામાં પૂરી રાખતો, દર્શનાર્થી આવે ત્યારે તેમની પાસેથી મનગમતી રીતે સોનામહોરો લઈ દર્શન કરાવતો."

"પૂ. ઉપા. **શ્રી ઉદયરત્નજી મ.**ને એમ લાગ્યું કે—"જગત-તારક ત્રણલોકના નાથ **શ્રી શંખેશ્વર દાદાની** યાત્રામાં આ તો ભારે અંતરાય."

"યાત્રાર્થે આવનારાને પહોંચતું હોય તો સોનામહોર આપે અને જેને ન પહોંચતું હોય તે તો દર્શનથી વંચિત રહે."

"આ તો ભારે જુલમ ભર્યો અન્યાય ગણાય! આ માટે કંઈક કરવું જોઈએ. ધારી સકલ સંઘ સાથે પ્રભુજીના પટારા સામે બેસી ધ્યાનસ્થ થયા. થોડી વારે સહસા વાણી સ્ફુરી. પ્રભાતીયા રાગમાં

* **"પાર્શ્વ શંખેશ્વરા સાર કર સેવકાં**

દેવ ! કાં એવડી વાર લાગે"થી શરૂ થતું ભક્તિભર્યું"

---

* આવો જ **"સેવો પાસ શંખેશ્વરા મન શુદ્ધે"**થી શરૂ થતો શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનો છંદ પણ પૂ. ઉપા. **શ્રી ઉદયરત્નજી મ.**નો મળે છે.

૭ ઢાળનું આ જ્ઞાનપંચમી સ્તવન "સુત સિદ્ધારથ ભૂપનોરે સિદ્ધારથ ભગવાન" એ કડીથી શરૂ થતું આરાધક વર્ગમાં અતિપ્રસિદ્ધ છે.

શ્રી એકાદશી સ્તવન-વિ. સં. ૧૭૯૬ રાજનગર-અમદાવાદ

- શ્રી પંચમહાવ્રતભાવનાની સજઝાય
- શ્રી ગૌતમ ગણધરની સજઝાય
